# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 22-01-2025 Day: Wednesday Morning : 6.50 to 6.55am**

આકાશવાણી ભુજ સમાચાર **આરતી ભટ્ટ** વાંચે છે.

---

## મુ.મંત્રી શ્રી પટેલ-પ્રવાસન માર્ગ સુધારણા

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પ્રવાસનને વધુ વેગ આપવા 44 પ્રવાસન સ્થળોના માર્ગોની સુધારણા માટે 2 હજાર 269 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. આ પ્રવાસન સ્થળોના કુલ 58 માર્ગોનાં નવીનીકરણ તેમજ માર્ગો પહોળા કરવાની કામગીરી કરાશે. આ 58 માર્ગોની સુધારણાથી પ્રવાસીઓને ઉત્કૃષ્ઠ અને વધુ કાર્યક્ષમ રોડ નેટવર્ક મળશે.

દરમ્યાન, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સાંકડા પુલ-માળખાને પહોળા કરવા 467 કરોડ 50 લાખ રૂપિયા ફાળવ્યા છે. આ ઉપરાંત ઔદ્યોગિક અને ક્વોરી વિસ્તારને જોડતા 29 માર્ગોના નવીનીકરણ અને પહોળાઈ વધારવા 190 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે.

**------------------------------------------------------------------------------------------**

## સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણી જાહેરાત

રાજ્ય ચૂંટણી પંચ દ્વારા સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીની જાહેરાત કરાઈ છે. આ અંગે સાંભળીએ અહેવાલ...

*વોઈસ કાસ્ટ-અશરફ નથવાણી*

*રાજ્ય ચૂંટણીપંચે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણી માટેની તારીખો જાહેર કરી છે.*

*જે મુજબ એક મહાનગર પાલિકા અને 66 નગરપાલિકાઓ, 3 તાલુકા પંચાયતોની સામાન્ય ચૂંટણી તથા 2 નગરપાલિકાઓની મધ્યસત્ર ચૂંટણી માટનું મતદાન આગામી 16મી ફેબ્રુઆરીએ યોજાશે. જયારે 18મી ફેબ્રુઆરીએ મત ગણતરી હાથ ધરાશે. આ ઉપરાંત, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની પ્રસંગોપાત ખાલી પડેલી મહાનગરપાલિકાઓની 3 બેઠકો, નગરપાલિકાઓની 21 બેઠકો, જિલ્લા પંચાયતોની 7 બેઠકો તથા તાલુકા પંચાયતોની 91 બેઠકોની પેટા ચૂંટણીઓ આ સાથે યોજાશે.*

*રાજ્ય ચૂંટણીપંચનાં કમિશ્નર એસ. મુરલી ક્રિષ્નાએ ચૂંટણી કાર્યક્રમ જાહેર કરતા આ મુજબ જણાવ્યું.*

*(બાઇટ- એસ.મુરલી ક્રિષ્ના, રાજ્ય ચૂંટણી કમિશનર)*

*રાજ્યમાં ગ્રામ પંચાયતોમાં અનામતની કામગીરી ચાલી રહી છે અને આ કામગીરી પૂર્ણ થયા બાદ ગ્રામ પંચાયતની ચૂંટણી જાહેર કરાશે.*

*કચ્છની વાત કરીએ તો રાપર અને ભચાઉ નગરપાલિકાઓની સામાન્ય ચૂંટણી જાહેર કરાઈ છે તેમજ ભચાઉ, મુંદરા અને માંડવી તાલુકા પંચાયતોની એક- એક બેઠક માટે પેટાચૂંટણી યોજાશે. ચૂંટણી જાહેર થવાની સાથે જ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હેઠળના વિસ્તારમાં આદર્શ આચારસંહિતા લાગુ થઈ ગઈ છે.*

*અશરફ નથવાણી આકાશવાણી સમાચાર ભુજ*

---------------------------------------------------------------------------------------------

## જિલ્લ કલેક્ટર સમીક્ષા બેઠક

કચ્છમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધે અને મહત્તમ ખેડૂતો પ્રાકૃતિક ખેતી સાથે જોડાય તે હેતુથી જિલ્લ કલેક્ટર અમતિ અરોરાના અધ્યક્ષસ્થાને માસિક સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી અરોરાએ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિના લાભ સમજાવીને પ્રાકૃતિક પેદાશોના વાવેતર સાથે જ તેના વેચાણ માટે જરૂરી માળખાકીય સુવિધાઓ વિકસાવવા અંગે સૂચન કર્યું હતું. તેમણે રાષ્ટ્રીયકક્ષાના ધારાધોરણ મુજબના સ્ટોરેજ યુનિટની સ્થાપના, પ્રોસેસિંગ

પ્લાન્ટ, એફપીઓ અને નાબાર્ડ જેવી સંસ્થાઓ સાથેના સંકલનથી વિવિધ સુવિધાઓનો વિકાસ અને જીવામૃત માટે ગૌશાળાઓને જોડવા જેવી બાબતો ઉપર ભાર મૂક્યો હતો. બેઠકમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર પી.કે.તલાટી દ્વારા પ્રાકૃતિક કૃષિનો વ્યાપ વધારવા માટે કરવામાં આવી રહેલા વિવિધ પ્રયાસો અંગે માહિતી આપવામાં આવી હતી. કચ્છમાં હાલ ૪૬ હજારથી વધારે ખેડૂતો નાના મોટા પાયે પ્રાકૃતિક કૃષિ કરી રહ્યા હોવાનું પણ તેમણે જણાવ્યું હતું.

---------------------------------------------------------------------------------------

## રાજ્યપાલ આચાર્ય દેવવ્રત

રાજ્યપાલ આચાર્ય દેવવ્રત આજે કચ્છ જિલ્લાની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ આજે સવારે ૧૧.૦૦ વાગ્યે અંજાર તાલુકાના ચાંદ્રાણી ખાતે શ્રી સ્વામિનારાયણ વૈદિક ગુરૂકુલમ્-ચાંદ્રાણીના ખાતમૂહુર્ત તેમજ શિલાન્યાસ કાર્યક્રમમાં હાજરી આપશે.

---------------------------------------------------------------------------------------

## માર્ગ સલામતી માસની ઉજવણી

35માં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસની ઉજવણીના ભાગરૂપે ભુજમાં સહજાનંદ ગર્લ્સ ઇન્સ્ટિટ્યૂટમાં આરટીઓ અને પોલીસ દ્વારા વિશેષ સેમિનારનું આયોજન કરાયું હતું. આ સેમિનારનો મુખ્ય હેતુ માર્ગ સલામતી અંગે જાગૃતિ ફેલાવવાનો અને યુવાઓને સલામત ટ્રાફિકની જરૂરિયાત અંગે સમજાવવાનો હતો.સેમિનારમાં સંસ્થાના 250 કરતાં વધુ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો અને માર્ગ સલામતી સંબંધિત તમામ મહત્વપૂર્ણ માહિતી મેળવી હતી.

---------------------------------------------------------------------------------------